નડિયાદમાં કાઉન્સિલિંગના નામે યુવતીઓનું ‘બ્રેઈનવોશ’ કરી મેરેજ બ્યુરો ચલાવાતું હોવાના ગંભીર આક્ષેપ

## ‘સખી વન સ્ટોપ સેન્ટર’માં ધર્માંતરણનું ષડયંત્ર!

**હિન્દુ યુવતીને વિધર્મી** યુવક સાથે પરણાવી દેવા કર્મચારીઓ દ્વારા પિતા પર દબાણ કરાયાનો આરોપ



(પ્રતિનિધિ) નડિયાદ તા.8

નડિયાદનું સરકારી ‘સખી વન સ્ટોપ સેન્ટર’ હાલ વિવાદોના વમળમાં ફસાયું છે. આ સેન્ટરમાં આશ્રય લેતી યુવતીઓને કાઉન્સિલિંગના નામે અન્ય ધર્મ સ્વીકારવા અને વિધર્મી યુવકો સાથે લગ્ન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવતી હોવાના ગંભીર આરોપો લાગ્યા છે. નડિયાદની એક હિન્દુ યુવતીના કિસ્સામાં સેન્ટરના કર્મચારીઓએ મેરેજ બ્યુરોની જેમ કામ કરી પિતા પર લગ્ન માટે દબાણ કર્યું હોવાની વિગતો બહાર આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી મુજબ, નડિયાદની એક યુવતી અમદાવાદમાં નોકરી કરતી હતી, જ્યાં તેને વલેટવાના એક વિધર્મી યુવક સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. પરિવારે આ સંબંધનો વિરોધ કરી દીકરીને સમજાવવા પ્રયાસ કર્યો હતો, પરંતુ ઘરના કંકાસને કારણે યુવતીએ 181 અભયમ હેલ્પલાઈનની મદદ લેતા તેને નડિયાદના સખી વન સ્ટોપ સેન્ટરમાં ખસેડવામાં આવી હતી. આ સરકારી આશ્રયસ્થાનમાં ગયા બાદ યુવતીનું બ્રેઈનવોશ કરવામાં આવતું હોવાનો કારસો પરિવારે ખુલ્લો પાડ્યો છે.

આ મામલે મહિલા અને બાળ અધિકારીએ બચાવ કરતા જણાવ્યું છે કે, યુવતી અને યુવક વચ્ચે નોકરી દરમિયાન સંબંધો બંધાયા હતા અને પરિવારે લગ્નની ના પાડતા યુવતીએ હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો. હાલમાં યુવતીની મરજી મુજબ નિર્ણય લેવામાં આવશે અને જો તે પિતા સાથે જવા તૈયાર ન હોય તો તેને નારી સંરક્ષણ ગૃહમાં મોકલવામાં આવશે તેમ તંત્રએ જણાવ્યું છે.

### પિતા પાસે કોરા કાગળ પર સહી કરાવી લેવાઈ

આ સેન્ટરના કર્મચારીઓએ પિતાને ફોન કરી વિધર્મી યુવકના વખાણ કર્યા હતા અને બંને પરિવારની મીટીંગ કરાવવા દબાણ કર્યું હતું. પિતાને સેન્ટર પર બોલાવી કેટલીક વિગતો લખાવી અમુક જગ્યાઓ ખાલી છોડીને સહીઓ કરાવી લેવાતા પિતાને શંકા ગઈ હતી. બીજા દિવસે સેન્ટરમાંથી ફોન આવ્યો કે દીકરીને લઈ જાવ, પરંતુ પિતા ત્યાં પહોંચ્યા ત્યારે યુવતીએ ઘરે જવાની સ્પષ્ટ મનાઈ કરી દીધી હતી.

### સેન્ટર ધર્માંતરણનો અડ્ડો હોવાનો વકીલનો આક્ષેપ

આ પરિવારના વકીલ કેતન પટેલે આક્ષેપ કર્યો છે કે, સખી સેન્ટર જાણે કોઈ મેરેજ બ્યુરો હોય તેમ વર્તી રહ્યું છે. કાઉન્સિલિંગના બહાને અન્ય ધર્મની મહિલા કર્મચારીઓ હિન્દુ દીકરીઓનું બ્રેઇનવોશ કરી તેમને નેગેટિવ ટોર્ચર કરી રહી છે. આ સેન્ટરમાં ધર્માંતરણનું મોટું ષડયંત્ર ચાલતું હોવાની અને દીકરીઓને બીજો ધર્મ અપનાવવા પ્રેરિત કરવામાં આવતી હોવાની આશંકા તેમણે વ્યક્ત કરી છે.

## આંકલાવમાં ઉચાપત બદલ પોસ્ટ માસ્તરને 3 વર્ષની કેદ

**આમરોલના** તત્કાલીન પોસ્ટ માસ્તરે વર્ષ 2005માં ઉચાપત કરી હતી

**રૂ.1410ની** ઉચાપત કેસમાં ઐતિહાસિક ચુકાદો આપ્યો

(પ્રતિનિધિ) આંકલાવ તા.8

આંકલાવ તાલુકાના આમરોલ ગ્રામીણ ડાક સેવક બ્રાન્ચમાં વર્ષ 2005 દરમિયાન થયેલી સરકારી નાણાંની ઉચાપત મામલે કોર્ટે કડક વલણ અપનાવ્યું છે. પોસ્ટ માસ્તર તરીકે ફરજ બજાવતા કર્મચારીએ ગ્રાહકો પાસેથી સ્વીકારેલા વીજ બિલના નાણાં સરકારી હિસાબમાં જમા ન કરાવી રૂપિયા 1410ની ઉચાપત કરી હતી. આ કેસમાં આંકલાવ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે આરોપીને કસુરવાર ઠેરવી ત્રણ વર્ષની સાદી કેદની સજા ફટકારી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, આંકલાવ તાલુકાના ભેટાસી તળપદમાં રહેતા રમણભાઈ વીરાભાઈ કટારીયા 23મી નવેમ્બર, 2004થી 16મી નવેમ્બર, 2005 સુધી આમરોલ ખાતે ગ્રામીણ ડાક સેવક બ્રાન્ચ પોસ્ટ માસ્તર તરીકે ફરજ બજાવતા હતાં. આ સમયગાળા દરમિયાન, 17મી ઓક્ટોબર 2005ના રોજ તેમણે ગ્રાહકો પાસેથી ગુજરાત વિદ્યુત બોર્ડના લાઈટબિલના નાણાં સ્વીકાર્યા હતા અને ગ્રાહકોને તેની રસીદો પણ આપી હતી.

જોકે, રમણભાઈએ આ સ્વીકારેલી રકમ પૈકી રૂપિયા 1210 તે દિવસે પોસ્ટ ઓફિસના હિસાબમાં જમા કરાવ્યા નહોતા. આ ઉપરાંત, દૈનિક હિસાબમાં ઓછી રકમ દર્શાવી અન્ય રૂપિયા 200ની પણ ઉચાપત કરી હતી. આમ, તેમણે કુલ રૂપિયા રૂ.1410ની સરકારી નાણાંની કાયમી ઉચાપત કરી હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું.

આ મામલે આંકલાવ પોલીસે ઈ.પી.કો. કલમ 409 મુજબ ગુનો નોંધી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી.

આ કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલ દ્વારા 9 સાક્ષી અને 23 દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા હતાં. કોર્ટે તમામ પુરાવા અને સાક્ષીઓની જુબાનીને ધ્યાને રાખી રમણભાઈ કટારીયાને કસુરવાર ઠેરવ્યા હતા અને તેમને 3 વર્ષની જેલની સજાનો હુકમ કર્યો છે.

સંતરામપુરમાં મિત્રના લગ્નમાં ગયેલા આણંદના પાંચ મિત્રોને અકસ્માત નડ્યો

## કડાણા પાસે કાર પલટી જતાં બાકરોલ અને લાંભવેલના 2 મિત્રના કરુણ મોત

**આણંદના** ત્રણ મિત્રો ગંભીર રીતે ઈજાગ્રસ્ત

(પ્રતિનિધિ) સંતરામપુર તા.8

આણંદ જિલ્લાના પાંચ યુવાનો તેના મિત્રના લગ્ન પ્રસંગમાં હાજરી આપવા ગયાં હતાં. જ્યાંથી તેઓ પરત ફરી રહ્યાં હતા તે વેળાએ કાળમુખો અકસ્માત સર્જાયો છે. મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના રેનગાણીયા ગામ પાસે કાર પલટી મારી જતાં આણંદના બાકરોલ અને લાંભવેલ ગામના બે યુવાનોના કરૂણ મોત નિપજ્યા છે, જ્યારે અન્ય ત્રણ મિત્રો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. આ ઘટનાને પગલે બાકરોલ અને લાંભવેલ પંથકમાં ભારે અરેરાટી સાથે શોકની કાલિમા છવાઈ ગઈ છે.

આણંદના બાકરોલ ખાતે રહેતા સાગર અશોકભાઈ પરમાર પોતાની કાર (નંબર જીજે-23-સીડી-0010) લઈને લાંભવેલના ચાર મિત્રો સાથે સંતરામપુર ખાતે એક મિત્રના લગ્નમાં ગયા હતા. આ લગ્ન પ્રસંગ પૂર્ણ કર્યા બાદ તમામ મિત્રો કડાણા બાજુ ફરવા ગયા હતા. ત્યાંથી પરત ફરી રહ્યા હતા ત્યારે કડાણા નજીક રેનગાણીયા ગામ પાસે અચાનક વળાંક આવતા કાર ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવ્યો હતો. કાર પૂરપાટ ઝડપે હોવાને કારણે રોડની સાઈડમાં પલટી ખાઈ ગઈ હતી.

આ ભયાનક અકસ્માતમાં ગંભીર ઈજાઓ થવાને કારણે કાર ચાલક સાગર પરમાર (ઉં.વ. 21, રહે. બાકરોલ) અને જતીનભાઈ દિનેશભાઈ પરમાર (ઉં.વ. 25, રહે. લાંભવેલ) ના ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યા હતા. જ્યારે કારમાં સવાર અન્ય ત્રણ મિત્રો - પ્રવિણ રાજેશભાઈ રાઠોડ, નયન વિજયભાઈ રાઠોડ અને પિયુષ મહેશભાઈ પરમાર (તમામ રહે. લાંભવેલ) ને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી.

આ અકસ્માત બાદ સ્થાનિક લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા અને 108 એમ્બ્યુલન્સ મારફતે તમામ ઈજાગ્રસ્તોને પ્રથમ સંતરામપુર સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. કડાણા પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આણંદ જિલ્લામાં કાળઝાળ ગરમી વચ્ચે ખેતી અને પશુધનને બચાવવા એડવાઈઝરી

## આણંદમાં 44 ડિગ્રીએ ગરમી પહોંચશે

**આગામી 5 દિવસ** આકાશ ચોખ્ખું અને હવામાન ગરમ રહેશે

(પ્રતિનિધિ) આણંદ તા.8

ભારત મૌસમ વિભાગ અને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા જારી કરવામાં આવેલ સંયુક્ત બુલેટિન મુજબ, આણંદ જિલ્લામાં આગામી પાંચ દિવસ દરમિયાન કાળઝાળ ગરમી પડવાની સંભાવના છે. હવામાન મુખ્યત્વે ગરમ અને સૂકું રહેશે, જેમાં મહત્તમ તાપમાન 42થી 44 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. આ આકરા ઉનાળામાં પાક અને પશુધનને સુરક્ષિત રાખવા માટે વૈજ્ઞાનિક અભિગમ અપનાવવા ખેડૂતોને અપીલ કરવામાં આવી છે.

આણંદ જિલ્લામાં ગરમ હવામાનને ધ્યાનમાં રાખીને ઉભા પાકોમાં જમીનનો ભેજ જાળવી રાખવો અત્યંત જરૂરી છે. આ માટે ખેડૂતોને સવાર અથવા સાંજની ઠંડકમાં ટૂંકા સમયગાળાના અંતરે હળવા પિયત આપવાની ભલામણ કરવામાં આવી છે. આ ઉપરાંત, જમીનમાં ભેજ ટકાવી રાખવા અને નિંદણ નિયંત્રણ માટે પાકના અવશેષો અથવા પ્લાસ્ટિક મલ્ચનો ઉપયોગ કરવો હિતાવહ છે.

આ ઉપરાંત બાગાયતી પાકો અને શાકભાજી જ્યારે ફળ અવસ્થાએ હોય, ત્યારે ઝડપી પવનથી રક્ષણ આપવા માટે લાકડા કે વાંસના ટેકા આપવા જોઈએ. કેળના પાકમાં ભેજ જાળવવા પરાળ કે સૂકા ઘાસનું આવરણ કરવું અને લૂમ પર સૂકા પાંદડા વીટાળવા જેવી તકેદારી રાખવી. વેલાવાળા પાકોમાં ફળમાખીના નિયંત્રણ માટે પ્રતિ હેક્ટર 16 જેટલા ટ્રેપ ગોઠવવા અથવા ગોળ-મેલાથિયોનનું મિશ્રણ બનાવી છંટકાવ કરવો. હાલ કાળઝાળ ગરમી વચ્ચે આરોગ્યની સંભાળ માટે તંત્ર દ્વારા ખાસ ભલામણ કરાઈ છે.






આંકલાવ પાસે મહીસાગર નદીના શીતળ જળમાં ‘મમતા’નો કરુણ અંત

## ઉમેટામાં પાપ છુપાવવા 20 દિ’ના માસૂમને નદીમાં વહાવ્યો

**ગણેશ વિસર્જન ઘાટ** પરથી નવજાત શિશુનો મૃતદેહ મળતા ચકચાર

(પ્રતિનિધિ) આંકલાવ તા.8

આંકલાવ તાલુકાના ઉમેટા ગામ પાસે મહીસાગર નદીના શાંત પ્રવાહમાં એક 20 દિવસના માસૂમ ફૂલ જેવા બાળકનો મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

આંકલાવ પોલીસના જણાવ્યા અનુસાર, ગુરુવારની સાંજે આશરે 4-30 વાગ્યાના સુમારે ઉમેટા ગામના ગણેશ વિસર્જન ઘાટ પાસે નદીના પાણીમાં એક શિશુનો મૃતદેહ તરતો હોવાની જાણ થઈ હતી. ઉમેટાની ઈન્દિરા કોલોનીમાં રહેતા વિજયભાઈ ઉર્ફે ડીઝલ રૂપાભાઈ વાદીએ તાત્કાલિક આ અંગે પોલીસને જાણ કરી હતી. આ ઘટનાએ માનવતા સામે મોટા પ્રશ્નો ઉભા કર્યા છે. શું સામાજિક બદનામીના ડરથી કે કોઈ કહેવાતું ‘પાપ’ છુપાવવા માટે કોઈ પથ્થર હૃદયની વ્યક્તિએ આ માસૂમને મોતના મુખમાં ધકેલી દીધું હશે? નદીના ઘાટ પર જ્યાં લોકો પવિત્ર મનોકામનાઓ પૂર્ણ કરવા આવે છે, ત્યાં આ રીતે બાળકને ત્યજી દેવાની ઘટનાએ લોકોના દિલ ચીરી નાખ્યા છે.

આ મામલે આંકલાવ પોલીસે હાલ અકસ્માત મોતનો ગુનો નોંધીને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આ નવજાત શિશુ નદીના પ્રવાહમાં ક્યાંથી વહીને આવ્યું કે પછી કોઈ અહીં જ તેને મૂકી ગયું છે, તે દિશામાં પોલીસે ઊંડી તપાસ હાથ ધરી છે. પોલીસ આસપાસના વિસ્તારોમાં તાજેતરમાં થયેલા જન્મના રેકોર્ડ્સ અને શંકાસ્પદ હિલચાલ પર પણ નજર રાખી રહી છે જેથી આ નિરપરાધ બાળકના ગુનેગારોને પકડી શકાય.

### આણંદમાં ટ્રેલરની અડફેટે યુવકનું મોત

(પ્રતિનિધિ) આણંદ તા.8

અમદાવાદના નરોડા વિસ્તારમાં રહેતા સંદિપભાઈ પટેલ અને તેમના પિતરાઈ ભાઈ ભરતભાઈ સોમાભાઈ પટેલ કામ અર્થે વડોદરા ગયા હતા. પરત ફરતી વખતે એક્સપ્રેસ-વે પર બેડવા નજીક ભરતભાઈએ કાર રોડની સાઈડમાં ઉભી રાખી હતી. તેઓ ગાડીની પાછળ ઉભા રહીને મોઢું ધોઈ રહ્યા હતા, ત્યારે પાછળથી આવેલા ટ્રેલર (GJ-39-TA-9656) ના ચાલકે ગફલતભરી રીતે ગાડીને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ભરતભાઈ ટ્રેલરના ટાયર નીચે આવી જતાં તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેમાં તેમનું મોત નિપજ્યું હતું. આ મામલે ખંભોળજ પોલીસે ટ્રેલર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

## નડિયાદ શહેરમાં ડ્રેનેજની કામગીરીને પગલે RTO તરફનો માર્ગ બંધ કરાયો

**શહેરના ગોવર્ધનરામ** ત્રિપાઠી સર્કલથી આરટીઓ સુધીનો મુખ્ય માર્ગ એક માસ માટે બંધ રહેશે




(પ્રતિનિધિ) નડિયાદ તા.8

નડિયાદ શહેરમાં ચોમાસા પૂર્વે સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઈન અને કાંસ રીડેવલોપમેન્ટની કામગીરી હાથ ધરવા માટે તંત્ર દ્વારા મહત્વનો નિર્ણય લેવાયો છે. શહેરના મધ્યમાંથી પસાર થતો અને અત્યંત વ્યસ્ત ગણાતો ગોવર્ધનરામ ત્રિપાઠી સર્કલથી સરદારની પ્રતિમા થઈ આરટીઓ કચેરી સુધીનો અંદાજે 600 મીટરનો મુખ્ય માર્ગ આગામી એક માસ માટે વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો છે.

નડિયાદ શહેરમાં ગોવર્ધનરામ ત્રિપાઠી સર્કલથી આરટીઓ સુધીનો મુખ્ય પર શુક્રવારથી પતરાના આડબંધ લગાવીને કામગીરીનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. આ રસ્તો બંધ થવાના કારણે ઘોડિયા બજારથી રેલવે સ્ટેશન તરફનો માર્ગ પણ બ્લોક થઈ ગયો છે, જેના પરિણામે વાહનચાલકોએ ગલીઓમાં ફરીને જવાની નોબત આવી છે. મોટા વાહનો અને બસોને આરટીઓ કચેરીથી રેલવે સ્ટેશન તરફ ડાયવર્ટ કરવામાં આવ્યા છે, જેના કારણે શ્રેયસ ગરનાળા અને નવા બસ સ્ટેન્ડ પાસે ટ્રાફિક જામની ગંભીર સમસ્યા સર્જાઈ રહી છે.

આ વિસ્તારમાં બેંકો, તાલુકા પંચાયત અને અન્ય સરકારી કચેરીઓ આવેલી હોવાથી અરજદારોએ પણ પોતાના વાહનો દૂર મૂકીને ચાલીને જવું પડી રહ્યું છે. સ્થાનિક જાગૃત નાગરિકોમાં એવી માંગ ઉઠી છે કે ચોમાસું શરૂ થાય તે પહેલા આ કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં આવે, અન્યથા ડાયવર્ટ કરાયેલા એકમાત્ર મુખ્ય માર્ગ પર ચક્કાજામની સ્થિતિ સર્જાશે અને શહેરીજનોની મુશ્કેલીમાં વધારો થશે. અલબત્ત, ચોમાસા આડે હવે ગણતરીના દિવસો જ બાકી છે.